# રાજકોટ રેન્જ આઈજી વિરુદ્ધ પુત્રવધુની ફરિયાદ

## રાજકોટ રેંજ આઈજીના પુત્ર નાયબ મામલતદારના અન્ય સ્ત્રી સાથે કઢંગી હાલતમાં પત્ની જોઈ જતા પતિ સહીત સાત સાસરીયા વિરુદ્ધ વડાલી પોલીસ મથકે ફરિયાદ

હિંમતનગર, તા.૨૩

સાબરકાંઠા જીલ્લાના વડાલીના ઈશ્વરભાઈ પટેલની દીકરી હિરલના ૧૨/૨/૨૦૧૧ ના રોજ ખેડબ્રહ્માના રોધરા ગામના ડાહ્યાભાઈ પટેલના પુત્ર રોહિત સાથે લગ્ન કર્યા હતા.પોલીસમાં ઉચ્ચ અધીકારી તરીકે રાજકોટ રેંજ આઈજી તરીકે ફરજ બજાવતા ડી.એન.પટેલના પત્નિ અને તેમના માણસા ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા પુત્ર સહીત સાત સામે ફરીયાદ દર્જ થઈ છે.આઈજી ડી.એન.પટેલના આરોપી એવા પુત્ર રવીન્દ્ર પટેલ ચાલુ વર્ષની યુપીએસસી પરીક્ષા પાસ કરી ચુક્યો છે.ત્યારે ગાંધીનગરના માણસા ખાતે નાયબ મામલતદાર રોહિત પટેલની પત્ની હિરલ પતિ સહીત સાસરિયાઓ ત્રાસ આપતા હતા અને દહેજની માંગણી કરી હિરલને મારી ઘરમાંથી કાઢી મૂકી હતી તો બીજી તરફ જયારે હિરલ તેના પતિ સાથે રહેતી હતી ત્યારે અન્ય સ્ત્રી સાથે રોહિત રંગરેલીયા મનાવતો હતો જેને કઢંગી હાલતમાં હિરલ જોઈ ગઈ હતી.પરંતુ લગ્નજીવન કોઈનું ના બગડે તે કારણે કોઈને જાણ કરી ન હતી જયારે હિરલના સસરા અને સાસુ ઓસ્ટ્રેલીયા થી પરત આવ્યા ત્યારે આ વાત હીરલ તેના સાસુ સાસુ-સસરા ને કહેતા સાસુ તેમના પુત્રનો પક્ષ લીધો હતો.ત્યારબાદ હીરલને માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કરી હતી ત્યારબાદ ગાંધીનગર ફ્લેટમાંથી હિરલના પતિ અને દિયરે હીરલને કાઢી મૂકી હતી ત્યાર બાદ હિરલ તેના પિતાના ઘરે વડાલી આવી ગઈ હતી.જોકે રાજકોટ ના રેન્જ આઈજી તરીકે ફરજ બજાવતા ડીએન પટેલ વધુ એકવાર વિવાદમાં ફસાયા છે.

**સાબરકાંઠાના વડાલી મહિલાએ રાજકોટના રેન્જ આઈજી અને માણસાના નાયબ મામલતદાર સહીત ત્રાસ આપતા સાત સાસરીયા વિરુદ્ધ ફરિયાદ વડાલી પોલીસ મથકે નોધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે**

અગાઉ પણ ગાંધીનગરના અડાલજ પોલીસે તેમની સામે મિલ્કત સંબંધી ના આક્ષેપોની તપાસ હાથ ધરી હતી અને મામલો કોર્ટે પહોચ્યો હતો અને ત્યાર બાદ ડીએન પટેલ એસપી થી આઈજી તરીકે પ્રમોશન પણ મેળવીને પોલીસ વિભાગમાં ઉચ્ચ અદીકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે. રાજકોટના રેન્જ આઈજી ડી.એન પટેલના પુત્ર રોહીતની પત્નિ એટલે કે તેમની પુત્ર વધુએ સાબરકાંઠાના વડાલી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે જે પ્રમાણે દહેજધારા સહીત પૌત્ર વધુ પર શારીરીક અને માનસીક ત્રાસ ગુજારવાની ફરીયાદ નોંધવામાં આવી છે. આઈજી ડીએન પટેલના પુત્ર રોહીત ગાંધીનગર જીલ્લા ના માણસામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે અને તે ગાંધીનગરમાં રહે છે પરંતુ વર્ષ ૨૦૧૩ માં પત્નિ હીરલ સાથે ઓસ્ટ્રેલીયા ફરવા ગયા બાદ પોતાના ફ્લેટ પર પતિ રોહીતને અન્ય યુવતી સાથે કઢંગી હાલતમાં ઝડપ્યો હતો આમ આડા સંબંધને લઈને તે અવાર નવાર દારુ પીને ઘરે આવીને ત્રાસ ગુજારતો હતો. તો વળી ડી.એન.પટેલ અને તેમના પુત્ર રવિ કે જે યુપીએસસી ચાલુ વર્ષે જ પાસ કરી છે તે ઉપરાંત તેમની પત્ની સહીત પરીવાર ના સાત સભ્યો એ ત્રાસ ગુજારતા હોવાની ફરીયાદ વડાલી પોલીસ મથકમાં નોંધાવી છે.પીડીતા પુત્રવધુ હીરલ પટેલ પણ એક સરકારી અધીકારીની પુત્રી છે અને તેમના પિતા પણ રાજ્ય સરકારમાં બે પ્રધાનના અંગત સચિવ તરીકે ફરજ બજાવી ચુક્યા છે અને હાલ રાજ્ય સરકારમાં એડીશનલ કલેકટર તરીકે ગાંધીનગર સચીવાલયમાં ફરજ બજાવે છે. જો કે હાલ તો પોલીસે ફરીયાદ આઈજી અને તેમના પરીવારના સાત સભ્યો સામે દર્જ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

**કોના સામે ફરિયાદ**

રોહિત ડાહ્યાભાઈ પટેલ, ડાહ્યાભાઈ નારભાઈ પટેલ, સંતોકબેન ડાહ્યાભાઈ પટેલ, રવીન્દ્ર ડાહ્યાભાઈ પટેલ, રમીલાબેન ઈશ્વરભાઈ પટેલ, પારુલ ઈશ્વરભાઈ પટેલ



**ભિલોડામાં ૧૮ શહિદોને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો**

ભિલોડામાં ભારત વિકાસ પરીષદ શાખાના હોદ્દેદારો,કાર્યકરો અને ગ્રામજનો ધ્વારા શ્રી મુધણેશ્વર મહાદેવ મંદીર ચોક પાસે જમ્મુ-કાશ્મીરના ઉરીમાં આર્મી ઉપર આતંકવાદી હુમલામાં શહિદ થયેલ ૧૮ વીર જવાનોને શ્રધ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા મામલતદાર જી.કે.પટેલ,ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ,ગુણવંતભાઈ ત્રિવેદી,ભીખાભાઈ પટેલ,મુકેશભાઈ મહેતા,ભીખાભાઈ ભાટીયા,ભાવેશભાઈ ત્રિવેદી,હસમુખભાઈ પટેલ,શૈલેષભાઈ પટેલ,મહેશભાઈ પટેલ,કંદર્પભાઈ પટેલ,ચિંતનભાઈ જોષી,ભારત વિકાસ પરીષદ શાખા,ભિલોડા પ્રમુખ જે.સી.ભાટીયા,જગદીશભાઈ પટેલ,મુકેશભાઈ પંચાલ,રામઅવતાર શર્મા,આર.એન.ડેડુન,સરસ્વતીબેન બરંડા,યજ્ઞેશભાઈ પંચાલ સહિત હોદ્દેદારો,કાર્યકરો,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હુંજ ગામમાં પૌરાણિક વાવની આજુ બાજુ ઉકરડા અને ગંદકીનું સામ્રાજ્ય

### રોગચાળો ફેલાવાની દહેશત



ભિલોડા. તા.૨૩

હિંમતનગર તાલુકાના હુંજ ગામમાં મુખ્ય પ્રવેશદ્વારના માર્ગ ઉપર પૌરાણિક વાવની આજુ-બાજુ ઉકરડા અને ગંદકીનું સામ્રાજ્ય ફેલાયુ છે.હુંજ ગામમાં ચીનગુનીયા, ડેન્ગ્યુનો રોગચાળો ફેલાવાની દહેશત સેવાઈ રહી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓ, ગ્રામ પંચાયતના સત્તાધિશો આંખ આડા કાન કરી રહ્યા હોવાનું હુંજ ગામના જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું. હુંજ ગામમાં ઠેર-ઠેર કાદવ-કિચડ અને ઉકરડાઓના ઢગલાઓથી ગ્રામજનો હેરાન-પરેશાન છે. હુંજ ગામની વર્ષો જુની પુરાતત્વ વિભાગની પૌરાણિક વાવમાંથી પાણી ખેંચવા મોટરો મુકી પાણી ખેંચાય છે. હુંજ ગામમાં ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય ફેલાતાં અસહ્ય દુર્ગંધ ફેલાય છે. પૌરાણિક વાવના પાણીનો બેફામ દુરઉપયોગ પશુ પાલકો ગાયો, ભેંસોને નવડાવવા કરતા હોવાથી ગાયો અને ભેંસોનું મળ, મુત્ર ખાડા, ખાબોચીયાઓમાં ભરાતાં માખી, મચ્છરોનો ઉપદ્રવ વધતાં ચીકનગુનીયા, ડેન્ગ્યુનો રોગચાળો ફેલાય તેવી દહેશત સેવાઈ રહી હોવાનું હુંજ ગામના જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું.

હુંજ પ્રાથમીક શાળાની આજુ-બાજુ અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાતાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો અને ખેડુતોને અવર-જવર કરવામાં ભારે મુશ્કેલી સર્જાય છે. હુંજ ગામમાં પૌરાણીક વાવની અંદર બિન જરૂરી કચરો ઠલવાતાં ક્યારેક પૌરાણિક વાવ પુરાઈ જશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. પુર્વ તાલુકા પંચાયત સદસ્ય જયંતીભાઈ પટેલ, દિનેશભાઈ પંચાલ સહિત હુંજ ગામના જાગૃત પ્રજાજનો અને અગ્રણીઓ ધ્વારા ઓન લાઈન સ્વાગત પ્રોગ્રામમાં ફરીયાદ લેખિતમાં જાણ કરવા છતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા ગંદકી દુર કરાવતા નથી સાથે-સાથે ગેરકાયદેસર દબાણો હટાવાતા નથી ત્યારે લોકમુખે ચર્ચાય છે કે હુંજ ગામમાં વહીવટી તંત્રના અધિકારીઓ કેમ આંખ આડા કાન કરી રહ્યા હોવાનું ચર્ચાય છે.

વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા સત્વરે યોગ્ય ન્યાયિક કાર્યવાહી નહી કરાય તો જાગૃત પ્રજાજનો ગાંધી ચિધ્યા માર્ગે લડતનું રણશીગું ફુકશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.

## પાલનપુરમાં ખેલ મહાકુંભ ૨૭મીએ યોજાશે

પાલનપુર, તા. ૨૩

રાજ્યમાં રમતગમત ક્ષેત્રે વાતાવરણનું નિર્માણ, શારીરિક તંદુરસ્તી અંગે જાગૃતિ અને ખેલ પ્રતિભા શોધના ત્રિવેણી ઉદ્દેશથી પ્રતિવર્ષ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષના ખેલ મહાકુંભ ૨૦૧૬ને આગામી તા. ૨૭મી સપ્ટેમ્બર-૨૦૧૬ને મંગળવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડ, પાલનપુર ખાતેથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ખુલ્લો મુકશે. આ પ્રસંગે કેન્દ્રીય લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી હરિભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, શ્રમ-રોજગાર રાજ્ય અને જિલ્લા પ્રભારી મંત્રી દિલીપભાઈ ઠાકોર, આરોગ્ય રાજ્ય મંત્રી શંકરભાઈ ચૌધરી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યમંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, તેમજ સામાજિક કલ્યાણ અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ વિભાગના રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ પણ ખાસ ઉપસ્થિત રહેશે. તો આ પ્રસંગે રાજ્યના યુવાનોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ વી.પી. પટેલ દ્વારા હાર્દિક નિમંત્રણ છે.

## ઈડર સી.કે.સરસ્વતી મંદિરનું ગૌરવ

ભિલોડા. તા.૨૩

શ્રી ઈડર પ્રજાકીય વિદ્યોત્તેજક સમિતી સંચાલિત શેઠ સી.કે.સરસ્વતી મંદીરનું ગૌરવ વિદ્યાર્થીનીઓએ વધારેલ છે. પોશીના ખાતે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના તાલુકા કક્ષાનું ગણિત, વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું.

ઈડર શેઠ સી. કે. સરસ્વતી મંદીર, વિભાગ-૨ માં ધુમાડાનું શુધ્ધીકરણ કૃતિએ તાલુકામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. (૧)મિશા આર. રાજપુત (૨) મહીમા કે. ખરાદી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શેઠ સી. કે. સરસ્વતી મંદીર, ઈડરના વિદ્યાર્થીનીઓના માર્ગદર્શક શિક્ષક આઈ. કે. પટેલ, કેવલ આર. સુરતી, આચાર્ય ડાૅ. જે. એસ. કુંપાવત, સુપરવાઈઝર પી. જી. પાઠક, સ્ટાફ પરીવાર, શ્રી ઈડર પ્રજાકીય વિદ્યોત્તેજક સમિતીના પ્રમુખ, મંત્રી, કારોબારી સભ્યોએ વિદ્યાર્થીનીઓને બિરદાવ્યા હતા.

# મોડાસામાં કોંગ્રેસે કેન્ડલ માર્ચ યોજી શહિદોને અંજલિ આપી

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગુરૂવારે સાંજના સુમારે કાશ્મીરના ઉરી પ્રાંતમાં આતંકવાદી હૂમલામાં ૧૮ સૈનિકોના મોત નિપજતા મોડાસા ચાર રસ્તા ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આતંકવાદી હૂમલાના પગલે સમગ્ર રાષ્ટ્રમાં આતંકવાદ અને પાકિસ્તાનની નીતિ સામે રોષ ભભૂકી ઉઠ્યો છે. ઠેર ઠેર વિરોધ પ્રદર્શન, રેલી, પૂતળાદહન અને શહેર બંધના અરવલ્લી જિલ્લા પ્રમુખ કમલેન્દ્રસીંહ રહેવર, જયદત્તસીંહ પુવાર, ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, રેવાભાઈ ભાંભી, ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલા, વનરાજસીંહ ઠાકોર, અરૂણ પટેલ, કુંવરબેન



કેન્ડલ માર્ચ દ્વારા ૧૮ વીર જવાન શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી હતી. શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા ચાર રસ્તા નજીક ગુરૂવારે સાંજના સુમારે કાશ્મીરના ઉરી પ્રાંતિમાં આતંકવાદી હૂમલામાં ૧૮ સૈનિકોના મોત નિપજતા અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા એલાનો આપવામાં આવી રહ્યા છે. ઉરી પ્રાંતમાં તાજેતરમાં ૧૮ વીર જવાનોએ શહીદી વ્હોરી હતી. ત્યારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કેન્ડલ માર્ચ યોજી કેન્ડલ દ્વારા વીર જવાનોની શહાદતને બીરદાવી ''શહીદવીર જવાનો અમર રહો'' તેમજ આતંકવાદ ખત્મ કરો... અને પાકિસ્તાન વિરૂદ્ધ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં પ્રણામી, હસમુખભાઈ પટેલ, અમીત મકવાણા, મહિલા મોરચાની પાંખ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના કોંગ્રેસી અગ્રણીઓ અને સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ કમલેન્દ્રસીંહના જણાવ્યા અનુસાર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાત રેડીયો પર તેમજ દોસ્તીના હાથ મિલાવ્યા વગર પાકિસ્તાન દ્વારા ચલાવાતા આતંકવાદી કેમ્પો પર હૂમલો કરી નાશ કરી દેવા જોઈએ. ૫૬ની છાતીની વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તા પર આવતા જ આતંકવાદી હૂમલામાં સખત કાર્યવાહી કરવાના બદલે રાજકારણ કરી રહ્યા હોય તેવુ જણાઈ રહ્યું છે.

### નેત્રામલી પ્રાથમીક શાળાનું ગૌરવ

ઈડર તાલુકાના નેત્રામલી ગામની નેત્રામલી પ્રાથમીક શાળામાં સી.આર.સી.કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું હતું. નેત્રામલી સી. આર. સી. ની જુદી-જુદી શાળાઓએ જુદા-જુદા પાંચ વિભાગોમાં ભાગ લીધો હતો. નેત્રામલી પ્રાથમીક શાળાએ વિભાગ-૪ અને વિભાગ-૫ ની બે વિભાગમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીઓ,માર્ગદર્શક શિક્ષક રાહુલકુમાર આર. સુરતી, નેત્રામલી પ્રાથમીક શાળા આચાર્ય શાંતિલાલ ડી. પટેલ, સ્ટાફ પરીવાર, સી. આર. સી. કો. ઓ. રાકેશભાઈ પટેલએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુના કેસોમાં ચિંતાજનક વધારો

## મોડાસામાં અઠવાડિયામાં ૧૨ જેટલા શંકાસ્પદ ડેન્ગ્યુના દરદીઓ સારવાર હેઠળ

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાને મચ્છરજન્ય રોગચાળો ગમરોળી રહ્યો છે. મહિના દાડામાં જિલ્લાની સરકારી હોસ્પિટલો અને ખાનગી



દવાખાનાઓમાં તાવ, શરદી, માથુ વાઈરલ ઈન્ફેક્શનને લઈને દર્દીઓ સારવાર કરાવી ગયા છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુ નામની બિમારીએ માથુ ઉંચકતા દિવસે ને દિવસે ડેન્ગ્યુથી પીડાતા દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ડેન્ગ્યુથી જિલ્લાના બે વ્યક્તિઓનું મોત નિપજી ચુક્યુ છે. ત્યારે મોડાસા તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં સપ્તાહ દરમિયાન ડેન્ગ્યુના ૧૨ દરદીઓ મળી આવતા જિલ્લાના પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સપ્તાહ દરમિયાન ૧૨ જેટલા શંકાસ્પદ ડેન્ગ્યુના દરદીઓ મળી આવતા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી હતી. મોડાસાના મેઢાસણ ગામમાં ૨ વિદ્યાર્થીનીઓ ડેન્ગ્યુમાં સપડાતા સપ્તાહ સુધી ખાનગી હોસ્પિટલમાં સઘન સારવાર લેતા તબીયમતાં સુધારો થયો હતો. ત્યારે મેઢાસણ ગામના યશ ભરતભાઈ પટેલ (ઉં.વ.૧૬) બ્રાઈટ જુનિયર કોલેજના વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતો હતો. તે પણ ડેન્ગ્યુના તાવમાં સપડાતા તાબડતોડ હિંમતનગરની આવિસ્કાર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. યશના પ્લેટલેટ કાઉન્ટ ૧૮૦૦૦ થઈ જતા તબીબોએ સઘન સારવાર હાથ ધરી પ્લેટ કાઉન્ટ ૮૦૦૦૦ સુધી ઉંચે આવતા ગંભીર બિમારીમાંથી ઉગારી લીધો હતો. મેઢાસણ ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવા છતાં અત્યાર સુધી માઢ ફળીયામાં જ ત્રણ શંકાસ્પદ ડેન્ગ્યુના બાળકો મળી આવતા ગ્રામજનોએ આરોગ્ય વિભાગ દ્વારા ફોગીંગની કામગીરી સતત હાથ ધરવાની સાથે સર્વેની કામગીરી યથાવત રાખવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી હતી.

મોડાસા શહેરાં એક જ પરિવારના પુત્ર અને પિતા ડેન્ગ્યુની બીમારીમાં સપડાતા બન્ને દરદીઓની મોડાસાની બે જુદી જુદી ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. તેમજ અન્ય ૪ ડેન્ગ્યુના દરદીઓ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. મચ્છરજન્ય રોગચાળાએ ભારે માથુ ઉંચક્યુ છે. સપ્તાહમાં ૧૨ જેટલા જેટલા ડેન્ગ્યુમાં સપડાયેલા વ્યક્તિઓમાંથી ૧ મહિલાનું મોત નિપજી ચુક્યુ છે. ત્યારે તંત્ર દ્વારા જિલ્લામાં અને મોડાસા શહેરમાં દવાનો છંટકાવ કરવામાં આવે તેવી જિલ્લાવાસીઓની માંગ પ્રબળ બની છે. મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા દવાનો છંટકાવ કરવામાં આળશ કરી રહી છે તેવી નગરજનો અહેસાસ અનુભવી રહ્યા છે.



### અરવલ્લી જિલ્લા સી.ડી.એચ.ઓ. અમરનાથના જણાવ્યા અનુસાર

અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી ડેન્ગ્યુના ૨૫ જેટલા શંકાસ્પદ કેસ મળી આવ્યા છે. તદ્ ઉપરાંત બે વ્યક્તિઓનું મોત ડેન્ગ્યુ તથા અન્ય ગંભીર બિમારીઓમાં સપડાયેલા હોવાથી મોત નિપજી ચુક્યુ છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી દવાઓનો છંટકાવ કરવાની સાથે તકેદારીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. વિવિધ તકેદારીના પગલાઓ ઉપરાંત ડેન્ગ્યુ જેવા રોગ વધુ વકરે નહિ તે માટે પણ સાવચેતીના પગલા ભરવામાં આવી રહ્યા છે. ડેન્ગ્યુ નામની બિમારી ફેલાવતા એડીસ મચ્છર ઘરમાં ભરાતા ફ્રીજની પાછળના બોક્સ તેમજ અન્ય જગ્યાએ ભરાઈ રહેતા પાણીથી ઉત્પન્ન થતા હોવાથી જિલ્લાવાસીઓએ ઘરમાં ભરાઈ રહેતા પાણીનો નિકાલ કરવા અપીલ કરી હતી.